# બી.એડ્.-પી.ટી.સી.માં કરવા જોઈતા ફેરફારો

આપણે સૌ જાણીએ છીએ કે, મકાનની મજબૂતાઇ કે ટકાઉપણાનો આધાર કડિયા પર રહેલો છે. કડિયો યોગ્ય રીતે સૂઝબૂઝ સાથે મકાનનું ચણતર નહીં કરે તો તમે તેટલું સારું મટેરિયલ હશે તો પણ મકાન લાંબો સમય ટકાવાનું નથી. ઉપરાંત" કૂવામાં હોય તો હવાડામાં આવે " તે ઉક્તિ પણ યાદ કરી લઇએ. આપનાર જો સક્ષમ હોય તો જ લેનાર સુધી યોગ્ય માત્રામાં યોગ્ય ગુણવત્તા સાથે પહોંચી શકે. આ બંને બાબતો અત્યારે ગુજરાતના શાળા શિક્ષણને લાગુ પડે છે. જો યુનિવર્સિટી અને સરકાર દ્વારા યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો શાળાઓમાં ભવિષ્યનું વર્ગખંડ શિક્ષણ ખૂબ જ નબળું હશે તેનો અણસાર અત્યારથી જ આવવા લાગ્યો છે. આ માટે એન.સી.ટી.ઇ. એ પણ વિચારવાનું થાય છે. ટૂંકમાં શિક્ષણ અંગે નિર્ણયો લેનાર તમામ એજન્સીઓએ અત્યારના પ્રશિક્ષણ કોલેજના માળખામાં કે અભ્યાસક્રમમાં તાત્કાલિક પરિવર્તન કરવું જરૂરી છે. જેના કેટલાક ઉદાહરણો જોઇએ.

આપ જાણતા જ હશો કે, ગુજરાત રાજ્યમાં શિક્ષક બનવા માટે મુખ્યત્વે બે પ્રકારના કોર્સ પી.ટી.સી. અને બી.એડ્. ચાલે છે. પી.ટી.સી. થનાર ઉમેદવાર ધો. ૧ થી ૫ માં અને જો તે સ્નાતક હોય તો ૧ થી ૮ ધોરણમાં ફરજ બજાવી શકે છે. પી.ટી.સી.નો કોર્સ બે વર્ષનો છે. હવે વાત રહી બી.એડ્.ની. બી.એડ્.નો કોર્સ એક વર્ષનો છે, બી.એડ્.ની ડિગ્રી લેનાર ધો. ૬ થી ૧૨ ધોરણ સુધી ફરજ બજાવી શકે છે. ઉપરોક્ત બાબત જે અત્યારે ચાલી રહી ચે, તેમાં કેટલીક બાબત ભવિષ્યમાં શિક્ષણ માટે અહિતકારક નિવડશે તેવો માત્ર ભય નથી, વિશ્વાસ છે. અત્યારે જેમ ચાલે છે તેમ ચાલવા દઇશું તો આવનારા વર્ષોમાં ખાસ કરીને પ્રાથમિક શાળાઓમાં અપાતું શિક્ષણ ખૂબ જ નબળું હશે. પરાથમિક શિક્ષણ જેને અભ્યાસનો પાયો કહીએ છીએ તે ખૂબ જ કાચો હશે. આ માટેનું કારણ એ છે કે, ધો.૧ થી ૫ માટે શિક્ષક બનનારે પી.ટી.સી. નો બે વર્ષનો કોર્સ કરવો પડે. જ્યારે ધો. ૬ થી ૧૨ના શિક્ષક બનવા માટે માત્ર એક જ વર્ષનો કોર્સ કરવો પડે . લાગે છે ને નવાઇ ? આ નવાઇ નથી હકીકત છે. વધારે ધોરણ એ પણ પ્રાથમિક કે માધ્યમિક શાળામાં ભણાવવા માટે માત્ર એક જ વર્ષની તાલીમ, જ્યારે ધો.૧થી ૫ સુધી કે જ્યાં વિષયવસ્તુ નહીં પણ અન્ય બાબતો મહ%વની છે ત્યાં બે વર્ષનો કોર્સ ? આ ઉલટી ગંગાને સુલ્ટી કરવા માટે સરકાર અને એન.સી.ટી.ઇ.એ સાથે મળીને કશું ક વિચરવું પડશે. હા... એન.સી.ટી.ઇ. નો એક કોર્સ કે જેનું નામ છે "ડિપ્લોમા ઇન અર્લિ ચાઇલ્ડહૂડ એજ્યુકેશન" જે એક વર્ષનો અને ધો.૧ અને ૨માં ફરજ બજાવનાર માટે છે.

ગુજરાત સરકારે પ્રાથમિક શિક્ષણમાં ધો.૮ જે માધ્યમિક શાળામાં હતું તેને પ્રાથમિકમાં લઇ ગયા. ઉદ્દેશ સારો જ છે. આ માટે એન.સી.ટી.ઇ.ના માર્ગદર્શન મુજબ પ્રાથમિક શાળામાં ધો.૬ થી ૮માં બી.એડ્. થયેલા ઉમેદવારને જ નોકરી આપવાનું નક્કી કર્યું. જે મુજબ ગુજરાત સરકાર છેલ્લા બે વર્ષથી ટેટ પરીક્ષા લઇને ધો.૬થી૮માં બી.એડ્. થયેલા અનેક લોકોની ભરતી કરીને નોકરીની તક આપી. અહીં જ આપણી સરકાર એક બાબતમાં થાપ ખાઇ ગઇ છે અને હજુ ખાઇ રહી છે. દોસ્તો, બી.એડ્. થનાર તાલીમાર્થીને જે તાલીમ આપવામાં આવે છે તે માત્રને માત્ર માધ્યમિક શાળાના વિષયો અને બાળકોને ધ્યાનમાં રાખીને જ આપવામાં આવે છે. આવા તાલીમાર્થી સંપૂર્ણ પણે પ્રાથમિક શાળાના બાળકો સામે સફળ ન જ થાય ને ન જ થાય. બે વર્ષથી પ્રાથમિક શાળામાં બી.એડ્. થનાર ઉમેદવારને નોકરી મળવા લાગી છે, પણ હજુ સુધી કોઇ યુનિવર્સિટીને પોતાની બી.એડ્.કોલેજોના અભ્યાસક્રમમાં પ્રાથમિક શાળાના વિષયો કે બાળકોને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ બદલવાની ઇચ્છા થઇ નથી અથવા તો સૂઝ નથી પડી. જો

યુનિવર્સિટીને સૂઝ ન પડતી હોય તો સરકારને કેમ આ વિચાર ના આવ્યો ? અને જો વિચાર આવ્યો હોય તો યુનિવર્સિટીઓ પાસે અભ્યાસક્રમમાં સુદારા કેમ ન કરાવ્યા ? બે વર્ષ તો ગયા અને આ ત્રીજું વર્ષ ચાલે છે. કોઈ વાચક કદાચ એમ માને કે બી.એડ્. થયેલાને પ્રાથમિક શાળાનું ડન તો હોય જ ને ? તો જવાબ સ્પષ્ટ છે કે, બી.એડ્. થયેલા પાસે કદાચ વિષયવસ્તુનું જ્ઞાન હોય, પણ તે ઉંમરના બાળકોને સમજવા અને તેમની સાથે કામ કરવાનું અને તેમની પાસે કામ કરાવવાનું મનોવૈજ્ઞાનિક જ્ઞાન નથી જ હોતું. ચાર વર્ષથી નીચેના બાળકને સાચવવાની જેટલી આવડત એની મા પાસે હોય છે તેટલી આવડત તેના બાપ પાસે નથી હોતી તેના જેવી આ વાત છે. પરાથમિક શાળાના બાળકોને શીખવવા માટેની પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓનું જ્ઞાન બી.એડ્.ની તાલીમ દરમિયાન આપ્યું હોતું નથી. જેથી જ્યાં સુધી બી.એડ્.ના અભ્યાસક્રમમાં આવી બાબતોનો સમાવેશ નહીં કરવામાં આવે ત્યાં સુધી પ્રાથમિક શાળામાં ધો.૬ થી ૮નું વર્ગખંડ શિક્ષણ નબળું જ રહેશે. જેમ કાનગી ક્લાસસિમાં શિક્ષકની લાયકાત વગરના વ્યક્તિઓ શિક્ષણ આપે ચે તેમ પ્રાથમિક શિક્ષણ પણ કોચિંગ ક્લાસ જેવું બની જશે.

અન્ય એક ઉદાહરણ જોઇએ તો, પ્રાથમિક શિક્ષકોનૂ ભરતી માટે લેવાયેલ ટેટ પરીક્ષાના પરિનામો અત્યંત નબળા રહ્યાં છે. જેની પાછળ ઘણાં કારણો છે, તેમાનું આ પણ એક કારણ છે કે, બી.એડ્. થયેલા ઉમેદવારો પ્રાથમિક શાળાના બાળકોને સમજી શક્યા નહતા. તેમની પાસે પ્રાથમિક શાલાના વિષયોનું પણ પૂરતું જ્ઞાન નહતું. ઉપરાંત આપના રાજ્યમાં પ્રશિક્ષણ કેવું અપાઇ રહ્યું છે તેનું તાજેતરનું એક ઉદાહરણ. હજુ તો માંડ દસ-બાર દિવસ પૂર્વે સમાચારપત્રમાં જાહેરાત હતી બી.એડ્.માં પ્રવેશ મેળવવા અંગેની ! આમપણ આ વર્ષે બી.એડ્.માં ઓક્ટોબર માસ સુધી પ્રવેશની પ્રક્રિયા ચાલી છે. તો વિચારો કે પ્રથમ સત્રમાં તે કેટલા દિવસ અભ્યાસ કરશે ? ઉપરાંત એપ્રિલ માસમાં તો વાર્ષિક પરીક્ષા હશે. તો ઓક્ટોબરથી એપ્રિલ તેમાં રજાના દિવસો અને દિવાળી વેકેશન કાઢી નાંખો. કેટલા દિવસ રહ્યા ? માંડ છ માસ અભ્યાસ કરનારને આપણી યુનિવર્સિટીઓ ડિગ્રી આપશે અને તે વ્યક્તિ શિક્ષક બનશે! આવી બાબતોમાં પણ સરકાર કેમ ચૂપ રહે છે તે મારી સમજ બહારનો વિષય છે. સરકારની આ ચૂપકીદી ભવિષ્યના શિક્ષણને કેટલું નુકશાન કરશે તે સરકાર અને યુનિવર્સિટીને કોણ સમજાવશે ? સરકાર કે યુનિવર્સિટી તો નથી જ કરતા, માટે કદાચ હવે સમાજે બહાર આવવું પડશે, જો આપણને આપણા બાળકોના શિક્ષણની ચિંતા હોય તો ભવિષ્યમાં યુનિવર્સિટી કે સરકાર સામે બાંયો ચઢાવીને પણ બાળકોના હિતમાં નિર્ણય લેવડાવવા પડશે જ.

આમ જરૂરિયાતના સંદર્ભમાં વ્યવસ્થા બદલવી જોઇએ. જે વ્યવસ્થા હોય તેના આધારે જ જો બધી જ જરૂરિયાત પૂરી કરવાનુો પ્રયત્ન કરીશું તો ગુણવત્તાને છોડવી પડશે. હા.. એક સારા સમાચાર છે કે, ગુજરાત સરકાર દરેક જિલ્લામાં રહેલા ડાયટ ખાતે ચાર વર્ષનો બેચલર ઓફ એલિમેન્ટરી એજ્યુકેશન નામનો અભ્યાસક્રમ શરૂ કરવાના પ્રયત્નો કરે છે. પણ સાથે શંકા પણ છે કે, બી.એડ્.ના એક વર્ષના કોર્સમાં કે પી.ટી.સી.ના બે વર્ષના કોર્ષમાં પણ પૂરતી સંખ્યા દરેક કોલેજોને મળતી નથી, ત્યારે આ ચાર વર્ષના સળંગ શિક્ષક માટેના કોર્સમાં કેટલા વિદ્યાર્થીઓ રસ દાખવશે ?